Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# પ્રાચીન સાંસ્કૃતિક પરંપરામાં 'ચંદ્રાવતી'

**SEJALBEN R. PATEL**
M.A., Gold Medallist - M.Phil. & M.S.W.
Email ID- sejal1989.srp@gmail.com

રાજસ્થાન પોતાની ભવ્ય સાંસ્કૃતિક ઇમારતો અને તેની કળા માટે પ્રખ્યાત છે. રાજસ્થાનમાં આવેલી તેવીજ એક નગરીમાંથી શૈલચિત્રો મળ્યા છે.તેના પરથી તે પ્રાચીન કાળથી અસ્તિત્વ ધરાવતી હશે તેવું કહી શકાય. તે ઉપરાંત માટીના વાસણોના અવશેષો પણ મળ્યા છે. ચંદ્રાવતીમાંથી સંગેમરમર, ચૂનાના પથ્થરના કેટલાય અવશેષો મળી આવ્યા છે. અહીં મળેલ મુર્તિકલા અને સ્થાપત્ય કલા પરથી અહીંના સ્થાપત્યકારો તેમની કુશળ કલા કારીગરી માટે વિખ્યાત હશે. આ મૂર્તિઓ કુશળ સ્થાપત્યકારોની આછી ઝલક આપે છે. ચંદ્રાવતીમાંથી માટીના બનેલા અવશેષો મળ્યા છે. જેમાં બંગડીઓ, મણકા બીજા પણ ધાતુમાંથી બનેલા ઓજારો મળ્યા છે. તે ઉપરાંત પાકી ઈંટોના બનેલા સુંદર અવશેષો મળ્યા છે. તેમાં બાળકોના મનોરંજનના રમકડાં પણ મળ્યા છે.આ અવશેષો પરથી તેની પ્રાચીનતાના દર્શન થાય છે.પાંડવોએ જ્યારે વનવાસ કરવો પડ્યો ત્યારે ભીમે આ નગરીની પ્રતિષ્ઠા કરી હશે, આ કાર્યમાં દૈત્યોએ વિઘ્ન કર્યું ,ભીમે તેને બાણ માર્યું જે જગ્યાએ બાણ વાગ્યું ત્યાંથી ચંદ્રભાગા નદી નીકળી. આ રીતે આ નગરીની પ્રાચીનતા પાંડવો સુધી લઈ જવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અન્ય સંસ્કૃતિઓનો વિકાસ નદીઓના કિનારે થયો, તેમ આ સંસ્કૃતિનો વિકાસ પણ સેવાણી અને બનાસ નદીના કિનારે થયેલો જોવા મળે છે. આ નગરી પરમાર રાજાઓની રાજધાની હતી . આ સમયે આ નગરી વૈભવ અને સમૃદ્ધિની નગરી હતી. આ પરમારોની ઉત્પત્તિ અર્બુદાચલના અગ્નિકુંડમાંથી થઈ હતી ,વસિષ્ઠમુનિએ હવન કર્યો અને તે અંગનિકુંડમાંથી ચાર ક્ષત્રિય કુલ ઉત્પન્ન કર્યા, જેમાં ચૌહણ, ચૌલુકય, પરમાર અને પ્રતિહારનો સમાવેશ થાય છે. આ અગ્નિકુંડમાંથી ઉત્પન થયેલ પરમારોનું ગોત્ર વત્સ હતું .તેમની કુળદેવી સચિયાય માતા હતા. નગરીમાં યશોધવલ, ભોજ, ધારાવર્ષ, જેવા પ્રતાપી રાજાઓએ શાસન કર્યું. અહીંના પરમાર રાજ્યની સમાપ્તિ દેવડા ચૌહાણોએ કરી હતી. પાછળથી આ દેવડાઓ એ પોતાની રાજધાની શિરોહીમાં વસાવી. તેના પછી કોઈ યોગ્ય દેખરેખ થઈ નહિ અને આ નગરી આજે ખંડેર હાલતમાં છે.

ચંદ્રાવતી નગરીમાંથી મોટી સંખ્યામાં મંદિરોના અવશેષો મળી આવ્યા છે. આજે પણ ત્યાંથી મળેલ આ અવશેષો જૈન અને હિંદૂ ધર્મનો ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં વિકાસ થયો હશે તે દર્શાવે છે. લોકો માને છે કે, અહીં વૈદિક કાળમાં મહાન તીર્થ સ્થાન હશે. અહીંથી મળેલા અવશેષો આજે અલગ- અલગ મ્યુઝીયમમાં રાખવામાં આવ્યા છે. આ અવશેષો પરથી કહી શકાય છે કે , આ નગરી તે સમયે ખૂબ સમૃદ્ધ નગરી હશે .૧૧-૧૨ મી સદી દરમિયાન મળી આવેલા અવશેષોમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મમાં, ગણપતિ, સરસ્વતી, કુબેર, દિગપાલ, પાર્વતી, સરસ્વતી વગેરે સુંદર મૂર્તિઓ જોવા મળે છે.

અહીંથી મળેલા અવશેષો પરથી આ નગર દૈવી નગર હશે તેવું કહી શકાય છે. બ્રહમાંજીની મૂર્તિ મળી છે. તેમને તેમના પત્ની સાથે દર્શાવામાં આવ્યા છે. તે રીતે વિષ્ણુ ભગવાનની જે મૂર્તિ મળી છે, તેમાં વિષ્ણુ ભગવાનને ઉભા દાર્શવામાં આવ્યા છે. તેમના હાથમાં શંખ, ગદા, કમળ છે. શિવની જે મૂર્તિ મળી છે ,તેમાં શિવને આસનમાં બેઠેલા દર્શાવે છે. તેમના હાથમાં ત્રિશુલ, ખોપરી જોવા મળે છે, ગળામાં સર્પ જોવા મળે છે. દિગપાલની મૂર્તિ મળી છે,જે મૂર્તિ હિન્દૂ અને જૈન ધર્મ બન્નેમાં હોય છે. આઠ દિશાઓમાં રહેલ આ આઠ દિગપાલ દિશાઓનું રક્ષણ કરે છે. ચંદ્રાવતી નગરી મધ્યકાળમાં પરમારોની રાજધાની હતી, તે સમયે આ નગરીનો ખૂબ વિકાસ થયો હતો ,તે સમયના મળેલા અવશેષો પરથી જાણવા મળે છે. અનેક શિલાલેખોમાં પણ તેની ધાર્મિક માહિતી જોવા મળે છે. રાજાઓ બદલાતા રહ્યા અને સમયે સમયે આ નગરીના મંદિરોનો જીર્ણોદ્ધાર થતો રહ્યો. અહીંથી મોટાપ્રમાણમાં બ્રાહ્મણધર્મી મંદિરો મળી આવ્યા છે . આ મંદીરો સંગેમરમરથી બનાવેલા છે. આ બ્રાહ્મણધર્મી વસ્તુ કલાના એક સર્વોત્કૃષ્ટ નમૂનો છે. આ મોટી માત્રામાં અલંકૃત છે. તેનું રૂપાંકન ખૂબ જ સુંદર જોવા મળે છે .આજે આ નગરી ખંડેર બનીને ઉભી છે. આપણો સમૃધ્ધ વારસો આવી નગરીઓમાં દફન છે.

જૈન ધર્મની પણ આરસની મૂર્તિઓ મળી આવી છે. આ નગરીમાં પીવાના પાણી માટે લોકો વાવો, કુવા બંધાવ્યા હતા ,આજે તે તૂટેલી હાલતમાં જોવા મળે છે. કેટલીક વાવો આજે પણ સચવાયેલી છે. જેમાંથી લોકો પીવા માટેના પાણીનો ઉપયોગ કરે છે.જૈન ધર્મના આચાર્યો એ પણ આ નગરીની અનેક વાર મુલાકાત લઈ અને આ નગરીને સમૃદ્ધ બનાવામાં ખૂબ યોગદાન આપ્યું હતું. અહીંથી મળેલ વાવો આરસના પથ્થરોમાંથી બનેલ જોવા મળે છે.પાણી લોકોને પૂરતા પ્રમાણમાં મળી રહેતું હશે. આજે પણ નદીના પાણી દ્વારા લોકો ખેતી કરતા જોવા મળે છે. આમ આ નગરીનો ધાર્મિક અને સ્થાપત્યની દ્રષ્ટિએ મધ્યયુગમાં ખૂબ વિકાસ અને વિસ્તાર થયો હતો.

ચંદ્રાવતી મધ્યયુગમાં મુખ્ય નગરો પૈકી હોવું સ્વાભાવિક છે. સંસ્કૃત કથાઓ ચંદ્રવતીમાં રચાયેલી જોવા મળે છે. બારમાથી ચૌદમાં સૈકામાં અનેક તાડપત્રોની હસ્તપ્રતોની નકલો ચંદ્રાવતી માંથી મળેલી છે. આ નગર અરવલ્લી પર્વતની શ્રેણીમાં આવેલી હોવાથી ઘણા સમય સુધી બાહરી આક્રમણોથી સચવાયેલી રહી હશે.

ગુજરાતમાં ચડાઈ કરવા આવતા આ નગરી રસ્તામાં આવતી હોવાથી અલાઉદ્દીનખીલજી એ આ નગરીના મંદિરોને ખંડિત કર્યા હશે. તે ઉપરાંત એવું પણ કહી શકાય છે કે, તે સમયે આ નગરી માં ભૂકંપ આવ્યો હશે અને આ નગરી ધરતીમાં સમાઈ ગઈ હશે, એક બીજી પણ લોકવાયકા છે કે, આ નગરીમાં પુર આવ્યું હશે તેથી આ નગરીનો વિનાશ થયો હશે.આમ આ નગરીના અવશેષો વિરવિખેર થઈ ગયા. રેલવેનો રસ્તો બનાવતી વખતે પણ આ નગરીના મંદિરોના અવશેષોનો તેમાં ઉપયોગ કર્યો . ચંદ્રાવતી નગરીના અવશેષો આજે પણ આજુબાજુ ના ગામોમાં લોકો બાંધકામમાં ઉપયોગ કરેલા જોવા મળે છે. ચંદ્રાવતીના કેટલાય મંદિરો તોડી એના પથ્થર અહમદશાહ અમદાવાદ લઈ આવ્યો હતો. આજે આ નગરીના આજુબાજુ ફેલાયેલ પથ્થરો પરથી જાણી શકાય છે કે ,આ નગરી પ્રાચીન સમયમાં ખૂબ મોટા વિસ્તારમાં ફેલાયેલ હશે.

આમ આજે આ ચંદ્રાવતી નગરી ભૂતકાળનો સમિયાનો બનીને ઉભી છે.સાંસ્કૃતિક દ્રષ્ટિએ આ નગરી ખુબજ ભવ્ય હતી. આજે માત્ર વિરવિખેર પડેલા આરસના પથ્થરો કાટમાળ અને રખડતા શિલ્પો તેની પ્રાચીનતાની સ્મૃતિની અવ્યક્ત ગાથાને વ્યક્ત કરવા શેષ રહ્યા છે. આજે આ નગરીમાં જોવા મળતા મંદિરો પ્રાચીન કાળના સૌન્દર્યની પરાકાષ્ઠા બતાવી રહ્યા છે.

**સંદર્ભ સૂચિ:**

1. દશરથ શર્મા ,પવાર વંશ દર્પણ ,રાજસ્થાની ગ્રંથાગાર,૧૯૬૦
2. શશિ વર્મા આહીરાવલ , પૂર્વી માળવાના મૂર્તિશિલ્પ ,બી.આર પબ્લિકેશન , દિલ્લી, ૨૦૧૩
3. રસિકલાલ છોટાલાલ પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, શેઠ ભોળાભાઈ જેશીંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભાવન, અમદાવાદ,ભાગ ૧
4. રામનારાયણ ચૌધરી,આધુનિક રાજસ્થાનનું ઉત્થાન, રાજસ્થાન પ્રકાશન મંડળ, અજમેર,૧૯૦૪
5. બનાસ વિકાસ વાટિકા, માહિતીકામિશ્નર કચેરી ,ગાંધીનગર

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

6. દિપક પટેલ, પાલનપુર રાજ્યનો ઇતિહાસ( ઇ.સ ૧૬૩૫ થી ઇ.સ ૧૯૪૮) દામિની પબ્લિકેશન, અમદાવાદ,૨૦૧૩
7. સુખવીર સિંહ ગહલોત, યુગ યુગીન રાજસ્થાન, હિન્દી સાહિત્ય મંદિર, જોધપુર, ૧૯૯૧